# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-01-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કંઢેરાઇ-યુવતી મોત

કંઢેરાઇ ગામે સોમવારે વહેલી સવારથી **500** ફૂટ ઉંડા બોરવેલમાં ફસાયેલી યુવતીને બચાવવાના અથાક પ્રયત્ન વચ્ચે મૃત્યુ નિપજ્યુ છે.

આ અંગે સાંભળીએ અહેવાલ

*વોઇસ કાસ્ટ : કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના કંઢેરાઈ ગામમાં ગઈકાલે સવારથી **500** ફૂટ ઊંડા બોરવેલમાં ફસાયેલી યુવતીને બચાવવાના અથાક પ્રયત્નો વચ્ચે આખરે ૩૨ કલાક બાદ તે જીંદગીનો જંગ હારી ગઈ છે. લાંબા રેસ્ક્યુ ઓપરેશન બાદ તેને બહાર કાઢવામાં સફળતા મળી પણ ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરી છે.  તંત્ર માટે આ રેસ્ક્યૂ ઓપરેશન ખુબ પડકારજનક રહ્યું હતું. આ અંગે ભુજના પ્રાંત અધિકારી એ.બી. જાદવે માહિતી આપી હતી.*

*સાઉન્ડ બાઈટ... એ.બી. જાદવ, પ્રાંત અધિકારી-ભુજ*

*સ્થાનિક વહીવટી તંત્રની સાથે ગાંધીનગરથી આવેલી કેન્દ્રીય આપત્તિ પ્રતિભાવ દળ–**NDRF** ની ટીમ, આર્મી, **BSF**, અગ્નિશામક દળની ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ હતી.*

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

-----------------------------------------------------------------------------------

## ખેલ મહાકુંભ 3.0

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા, જિલ્લાકક્ષા, ઝોન કક્ષા(ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત ૯થી ૬0 વર્ષ સુધીની વયજૂથની તાલુકાકક્ષાની સ્પર્ધા તારીખ ૬ જાન્યુઆરીથી તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૫ સુધી તથા જિલ્લાકક્ષાની સ્પર્ધા આજથી ૩૦ જાન્યુઆરી દરમિયાન અલગ-અલગ સ્થળો ખાતે યોજાશે. સ્પર્ધા સ્થળની વિગત, સ્પર્ધા તારીખ, કન્વીનરના નામ અને મો.નંબરની વિગત **khelmahakumbh.gujarat.gov.in** વેબસાઈટ પર જોઈ શકાશે.

---------------------------------------------------------------------------------------------

## સુરેન્દ્રનગર-ખેરવા શાળા, વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ

કચ્છ જિલ્લાના શૈક્ષણિક પ્રવાસે આવેલા સુરેન્દ્રનગરના પાટડી તાલુકાની ખેરવા પેટા કેન્દ્રની શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓએ જિલ્લા માહિતી કચેરી ભુજ કચ્છની મુલાકાત લઈને કચેરીની કાર્યપદ્ધતિ વિશે જાણકારી મેળવી હતી. વિદ્યાર્થીઓ સરકારની કામગીરી અંગે જાગૃત થાય તે હેતુથી જિલ્લા માહિતી કચેરી ભુજ કચ્છના નાયબ માહિતી નિયામકે વિદ્યાર્થીઓને કચેરીની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

---------------------------------------------------------------------------------------------

## આદિપુર-વિવેકાનંદ જયંતી સ્પર્ધા

આદિપુરના રામકૃષ્ણ મઠ દ્વારા વિવેકાનંદ જયંતી અવસરે ૧૨મી જાન્યુઆરી, રવિવારે વિદ્યાર્થીઓ માટે મુખપાઠ સ્પર્ધાનું આયોજન કરાયું છે. મુખપાઠ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં રજૂ કરી શકાશે. ધો. ૧થી ૬ની સ્પર્ધા સાંજે ૪થી ૫ તથા ધો. ૭થી ૧૨ના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધા ૫થી ૬ દરમ્યાન યોજાશે. વિજેતા સ્પર્ધકોને પુરસ્કારથી સન્માનિત કરાશે.

---------------------------------------------------------------------------------------------

## બિદડા પોલીસ લોક દરબાર

બિદડા ખાતે રાજ્ય સરકારની ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી અભિયાન અંતર્ગત કોડાય પોલીસ સ્ટેશન દ્વારા લોકદરબાર યોજવામાં આવ્યો હતો, જેમાં બિદડા તેમજ આજુબાજુ વિસ્તારના ગામડાઓના ગ્રામજનોએ હાજરી આપી હતી. પીઆઈ દ્વારા હાલમાં ચાલી રહેલા સાયબર ક્રાઈમ, એનડીપીએસ, રોડ સેફટી અને અન્ય સમસ્યાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

હવામાન

વિતેલા બે દિવસથી કચ્છમાં ડંખીલા વાયરાએ ઠંડીની ધારને વધુ તિક્ષણ બનાવી છે. ખાસ કરીને પશ્ચિમ કચ્છ વિસ્તારમાં કાતિલ ઠંડીનું સામ્રાજ્ય છવાયું છે. અબડાસા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે વાહનો પર બરફની પરત છવાઈ હતી. પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત, નખત્રાણા, ખાવડા પંથકમાં કડકડતી ઠંડીથી જનજીવન પ્રભાવિત થયું હતું. રાજ્યના સૌથી ઠંડા મથક નલિયામાં આજે લઘુત્તમ તાપમાન ૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં ૧૧ અને કંડલામાં ૧૩.૪ ડિગ્રી રહ્યું હતું.

---------------------------------------------------------------------------------